॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● શ્રાવણ વદ–૧૫ ● તા.૨૭–૦૮–૨૨ ● શનિવાર ● SDP No.: 856 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

આજે ૨૭ ઓગષ્ટ ચોર્યાસી ગામ કડવા પાટીદાર સમાજ મહેસાણાએ યોજેલ મહાસંમેલન વિષય અનુસંધાને

વિષય:- દિકરીના પ્રેમલગ્નમાં મા-બાપની સહી ફરજીયાત જરુર.

આ લખાણ//રજુઆતનો હેતુ મહા-સંમેલન ખોટું છે કે હેતુઓ ખોટા છે તેવો નથી પરંતુ માત્ર ભાગી લગ્ન કરનાર સ્ત્રી હોવાથી તેને દોષીત ગણી તેની ઉપર નિયંત્રણો મુકવાના પ્રસ્તાવની વાત છે, પરંતુ ભગાડી જનાર પુરુષ અને તેના વાલીઓને તેટલાજ દોષીત ગણી તેની સામે નિયંત્રનનો પ્રસ્તાવ રજુ કરવાની વાત છે. અમારુ સુચન છે કે ભગાડી જનારને તેના વાલીની સંપતી વારસાઈ રીતે નહીં પરંતુ ખરીદીની રીતે મલે અને તે માટે ટેક્ષ અને સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડે. તો જ સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ નહીં દેખાય..

84 ક.પા.સમાજ સંગઠન, મહેસાણાની ભુમિકા

મહેસાણા જિલાના છ તાલુકાના 144 ગામોના કડવા પાટીદારો પૈકીના મહેસાણા શહેરમાં સ્થળાંતર થયેલ અને વસતા 3848 કુટંબો (2014ની સ્થિતિએ) સમાવીષ્ટ સંગઠન, જેની 1977 માં સ્થાપના થયેલ છે. સમાજના વિકાસની વિવિધ પ્રવૃત્તીઓ કરે છે. દર વર્ષે સ્નેહ સંમેલનો યોજવા ઉપરાંત સમાજ કુટુંબોની માહિતી ધરાવતી પુસ્તીકા પ્રકાશીત કરે છે. છેલ્લે 2014માં પાંચમી આવૃતી પ્રકાશીત કરેલ છે.

આ પાંચમી આવૃત્તીમાં ઉપલબ્ધ મહિતીના નવ કોલમ પૈકી માત્ર (1)પરણિત/અપરણીત અને (2) મુખ્ય વ્યક્તી સાથે સંબંધ(પુત્ર,પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, વગેરે) ના બે કોલમ આધારે સમાજમાં અપરણિત સ્ત્રી-પુરુષ(તમામ ઉંમર)નું જાતીપ્રમાણ શોધતાં ખુબજ ચોકાવનારી માહિતી ઉપલબ્ધ થઈ છે તે મુજબ 3420 અપરણિત પુરુષો અને 2045 અપરણિત સ્ત્રીઓ નોંધેલ છે. મતલબ 1000 અપરણિત પુરુષો સામે માત્ર 598 અપરણિત સ્ત્રીઓ છે.

આ વિસ્તારના બાળ જાતિપ્રમાણના આંકડાની સરકારી રેકર્ડ ઉપર આધારભુત માહિતી નીચે મુજબ છે. વસતી ગણતરી મુજબ.

વ.ગ.2011 મુજબ સમગ્ર દેશમાં સૌથી નીચો બાળ (0થી 6 વર્ષ) જાતી પ્રમાણ ધરાવતું શહેર મહેસાણા છે. (1000 દીકરાઓ સામે 760 દીકરીઓ) (બીજા ક્રમનું હરીયાણાનું પાણીપત છે જે 784 આંક સાથે બીજા ક્રમે છે અને મહેસાણા કરતાં 24 આંક વધુ છે.) વ.ગ 2001 મુજબ મહેસાણા જિલ્લાનું બાળ જાતીપ્રમાણ 801 આંક સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે હતો જે વ.ગ.2011માં 41 આંક સુધારા સાથે 842 આંકથી રાજ્યમાં પ્રથમ ક્રમે જ રહ્યો. રાજ્યના સૌથી ખરાબ (નીચું બાળ જાતિપ્રમાણ) ધરાવતા 10 તાલુકાઓ પૈકી 8 તાલુકા મુળ મહેસાણા જિલ્લાના હતા. (માત્ર ગોંડલ અને ઉમરાલા સૌરાસ્ટ્રના હતા). વ.ગ 2001 મુજબ દેશના સૌથી ખરાબ 10 તાલુકાઓમાં બે તાલુકા ઉંઝા જા.પ્ર 718.8 અને વિસનગર 713.5 હતા જે દેશમાં અનુક્રમે ત્રીજા અને ચોથા ક્રમે હતા. વ.ગ.2011 મુજબ દેશમાં સૌથી ખરાબ 10 તાલુકાઓમાં બે ગુજરાતના (ઉંઝા 741 મહેસાણા 566 આંકથી) અનુક્રમે પ્રથમ અને નવમા ક્રમે હતા. નીતિ આયોગે જાહેર કર્યા મુજબ 2019માં નોંધાયેલ જન્મ મુજબ ગુજરાત રાજ્ય દેશમાં સ્ત્રીભ્રૂણ હત્યામાં પ્રથમ ક્રમે આવેલ છે. જેમાં મહેસાણા જિલ્લો 904 આંક (1000 દીકરા સામે દીકરી જન્મ 904) છે. જેમાં નગરપાલીકા 882 અને ગ્રામ્ય 957 છે.

ઉપર મુજબ જાતિપ્રમાણ ધરાવતા વિસ્તારોએ બેટી બચાવોની ઝુંબેશ પછી હવે જન્મેલી દીકરીઓની ભાગેડું લગ્નો/લવજેહાદ સામે બાથ ભીડી છે અને કાયદો લાવવા સરકારમાં રજુઆત કરવાની આગેવાની લીધી છે.

લગ્નોને સાદી સમજ માટે ચાર ભાગમાં વહેંચી શકાય.

1. વાલી આયોજીત લગ્ન સંબંધો.....જીવનસાથી માટે પાત્રની શોધ સંતાનના વાલી કરતા હોય છે
2. પ્રેમ લગ્નો. ..જીવન સાથી માટે પાત્રની શોધ યુવક યુવતી પોતે કરે છે જેને વાલી સંમતી આપે છે.
3. ભાગેડું લગ્નો....યુવક યુવતી ખાનગીમાં એક બિજાના સંપર્કમાં આવે અને લગ્ન ગ્રંથીથી જોડાય, જેમાં વાલીની સંમતી ના હોય. આ બંન્ને પાત્રો એક જ ગોળ/સમાજના, જ્ઞાતીના કે એક જ ધર્મના પણ હોઈ શકે.
4. લવ જેહાદ..... હિંદુ ધર્મની યુવતી મુસ્લીમ કે અન્ય ધર્મના યુવક સાથે લગ્ન કરે.

લગ્નમાં આ ચારે પ્રકારમાં પ્રમાણ અંગે મત-મતાંતર હોઈ શકે. આ અંગે સર્વે થાય તો જ સાચી ખબર પડે તેમ છતાં આ 84.ક.પા. સમાજ મહેસાણામાં આ પ્રમાણ અનુક્રમે 71%, 25% 3.99% અને 0.01% હોવાનો મારો અંગત મંત્રવ્ય છે.

પ્રથમ પ્રકારના લગ્નો નિષ્ફળ જવાનું પ્રમાણ (છુટાછેડા) અનેક ગણું વધ્યુ છે જે બીજા અને ત્રીજા પ્રકારના લગ્નોને પ્રોત્સાહન આપે છે. આ બાબતે પણ સમાજ શ્રેષ્ઠીઓએ જોવાની જરુર છે. સમાજના આગેવાનો ક્રમ 2,3 અને 4 ને અથવા માત્ર 3 અને 4 ને લવ જેહાદનું લેબલ લગાવી પ્રશ્નની ગંભીરતા વધારવા માગતા હોય તેવું લાગે છે. અને આ ભાગેડું લગ્નો/લવ જેહાદના કારણે સમાજના યુવાનો કુંવારા રહી જવાનો પ્રશ્ન ઉકેલવાની આશા રાખે છે. 40% યુવાનો માત્ર બાળ જાતિપ્રમાણ અસમતુલાને કારણે જ કાયમ કુંવારા રહેવાના છે તે તરફ લક્ષ ઓછું છે. બીજુ કારણ બતાવવામાં આવે છે લવજેહાદને કારણે યુવતીનું ભાવી પીડા દાયક બની જાય તેની વડીલો ચીંતા કરે છે. આવી ચિંતા થાય તે સ્વાભાવિક છે અને સમાજ શ્રેષ્ઠીઓની ફરજ પણ છે. પરંતુ આવી ચિંતા બે –ત્રણ દાયકા અગાઉ કરી હોત અને સ્ત્રીને સન્માન, સમાનતા અને સુરક્ષા પુરી પાડી હોત તો દીકરી જન્મ સામે આટલો અણગમો ના થયો હોત. સ્ત્રીભ્રૂણ હત્યાએ દીકરી અણગમતું સંતાનની માનસીકતાના ફળ સ્વરુપે છે. આ માનસિકતા સમાજે ઉભી કરેલી અને સમાજે સ્વીકારેલ સમાજ વ્યવસ્થાનું પરીણામ છે. સમાજ વ્યવસ્થા, રીત રીવાજો ઉભા કરવામાં જ્ઞાતી આગેવાનોનો સિંહ ફાળો હોય છે.

મહાસંમેલન કરી રાજય સરકાર ઉપર દબાણ લાવી સરકાર કાયદો પસાર કરે પણ ખરા. કારણ રાજ્યસત્તા બધી ગણતરી વોટબેંક આધારે જ કરતી હોય છે, સરકારને વોટ જોઈએ અને સમાજના આગેવાનોને પ્રતિષ્ઠા જોઈએ છે, જે જનતાને ખુશ રાખવાથી મલી શકે તેમ છે. પરંતુ આ ખુશીમાં સમાજનું સુખ સમાયેલું નથી. (દારુડીયાને દારુ આપો તો ખુશ જ થવાનો છે.) પુરુષસત્તાક સમાજ હંમેશા દોષનો ટોપલો મહિલાઓ ઉપર જ નાખતો આવ્યો છે.પરંતુ ખાનગીમાં પોતાને ઘેર દીકરી જન્મ ઈચ્છતો નથી તે હકીકત છે. માટે "દીકરી જન્મ આવકારીએ છીએ.. પણ મારે ઘેર નહીં" ની ઝુંબેશ ચાલી રહી છે. કાયદો પસાર થયા પછી તેને સુપ્રીમ કોર્ટમાં બંધારણી બેંચમાં પડકારવામાં આવે ત્યારે કોર્ટ સમાજના સંગઠનોને પ્રશ્ન પુછે કે જાતિપ્રમાણ અસમતુલન દુર કરવામાં સમાજની ભુમીકા શું રહી? અને કેટલા સફળ થયા? તેનો જવાબ શ્રેષ્ઠીઓ પાસે નહીં હોય. કાયદો પસાર કરવા અભિયાન ચલાવવાથી પ્રતિષ્ઠા જરુર મલશે તેમાં બે મત નથી. હમણા ચુંટણી સમયે આવા અનેક અભિયાનો ઉભા થતા હોય છે. જેનાથી રાજ્યસત્તાનું ધ્યાન સમાજસત્તા તરફ ખેંચાય.

કુટુંબના વાલીઓની પ્રથમ પ્રાથમિકતા પુત્રને વહું મલે, લગ્ન થાય, સંતાનો થાય અને વંશવેલો આગલ વધે. અને ટ્રીતીય પ્રાથમીકતા પુત્રીને સારુ ઘર મલે અને સુખી થાય. પરંતુ પ્રથમ પ્રાથમિકતા પરીપુર્ણ કરવા ટ્રીતીય પ્રાથમિકતાનો ભોગ લેવાવાની પુરેપુરી સંભાવના છે. સાટાપાટામાં દીકરીનો ભોગ લેવાઈ જશે.

સને 2007માં પ્રસિધ્ધ થયેલ પુસ્તક **'Disape[earing daughters, The tragedy of Female Foeticide'** જેની પ્રસ્તાવના રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે લખી છે તેના પાન નં.139 ઉપર લખ્યુ છે કે ' **the original Patel features would have disappeared, you destroy your own daughters and go and buy daughter -in-law some where ealse'**

ગુજરાત હાઈકોર્ટે ની બેંચે તા. 31/3/21 ના એક ચુકાદામાં પાન નં 129 માં નોંધ્યું છે કે **'we must recognize that structure of our society have been created by males for males'** મતલબ પુરુષોએ ઉભી કરેલી સમાજ વ્યવસ્થા પુરુષો માટે જ છે. અને પાન નં 123 ઉપર નોંધ્યુ છે કે '....**was nothing but taking by the left hand what was given by right hend to women'** મતલબ ' મહિલાઓને ડાબા હાથે આપેલું જમણા હાથે પાછું લઈ લેવાની નીતિ અપનાવી છે.

ભુતકાળમાં પણ ઉત્તર ગુજરાતમાં ગોરપંચોનો દબદબો હતો. કોઈ સમાજની બહાર દીકરીને ગોર પંચોની મંજુરી વગર બહાર પરણાવી શકતા અહીં. છુટાછેડાનો આખરી નિર્ણય ગોરપંચોનો અબાધીત અધીકાર ગણાતો. આ પંચો 100% પુરુષોના હતા. તેથી એક કહેવત પડેલી કે ગામનો ચોરો પુરુષો માટે અને સ્ટવનું ફાટવું કે ગામનો કુવો (આપઘાત) સ્ત્રીઓ માટે અનામત હતો. આજે આ પંચોને કેટલા લોકો માનથી જુએ છે? તેજ પ્રમાણે ભવિષ્યમાં ઉભી થનારી વાંઢાઓની ફોજ આજના સમાજ શ્રેષ્ઠીઓને કેવી નજરે જોશે?

મહિલા અનામતની નીતિમાં સરકારે બિનઅનામતની મહિલાઓને મળેલા કાયદાકીય હક્કો નવો ઠરાવ કરી ઝુંટવી લીધા અને હાલ મહિલાઓ આ અન્યાય સામે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં લડી રહી છે ત્યારે સમાજે તેમની પડખે રહી મહિલાઓના હક્કોની રક્ષા માટે સમાજ તેમની સાથે છે તેવો દાખલો બેસાડવો પડશે.

અમૃત પટેલ. મો.7359415336

શ્રી નખત્રાણા નાગપુર પાટીદાર સમાજ નવી કારોબારી ની રચના

શ્રી નખત્રાણા નાગપુર પાટીદાર સમાજ, ની સામાન્ય સભા રવિવાર, તા. 21.08.2022 ના રોજ પાટીદાર ભવન, લક્કડગંજ, નાગપુર ખાતે પ્રમુખ શ્રી ધીરજલાલ પ્રેમજી લીંબાણી ની પ્રમુખ પદે મળેલ જેમાં બે વર્ષ 2022-24 માટે નવી કારોબારી ની રચના કરવામાં આવેલ

જેમાં સર્વાનુમતે અજંતા ડિજિટલ કલર લેબ વાળા શ્રી ધનજીભાઈ પ્રેમજી રામાણી ને પ્રમુખ તરીકે અને દિયા વાયર્સ ઇન્ડિયા પ્રા લિ વાળા શ્રી નિશાંત કિશોરભાઈ રામાણી ની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવેલ.

જેમને સાથ આપવા 9 કારોબારી સભ્યો સાથે 2 કોપ્ટ સદસ્યોની પણ વરણી કરવામાં આવેલ.ભાદરવા સુદ દસમ એટલે શ્રી રામદેવબાબાનો મેળો નિમિત્ત નાગપુરમાં વસતાં કચ્છના નખત્રાણા ગામના વાસીઓનું સ્નેહ-મિલન સાથે સમૂહ - ભોજન રવિવાર, તા ૦૪/૦૯/૨૨ ના આયોજીત કરેલ છે.

પ્રમુખશ્રી
ધનજીભાઈ પ્રેમજી રામાણી

મહામંત્રીશ્રી
નિશાંત કિશોરભાઈ રામાણી.

જેમાં સર્વે ને સહભાગી થવા નવા વરાયેલા પ્રમુખશ્રી એ અપીલ કરેલ. ત્યારબાદ 2 વર્ષના કાર્યકાલ પૂર્ણ કરી વિદાય લેતા સમાજ ના પ્રમુખશ્રી ધીરજ પ્રેમજી લીંબાણી સંપૂર્ણ કારોબારી અને સભાને એમના પર અટૂટ વિશ્વાસ મુકવા બદલ ધન્યવાદ આપેલ.

સંયોજક -
મૂળવતરાય પોકાર, નાગપુર

વર્ષાઋતુની વિદાયમાં સ્વાસ્થ્યની કાળજી

વર્ષાની વિદાય અને શરદનું આગમન એટલે ભાદરવો. દિવસે ધોમ ધખે અને મોડી રાત્રે આછું ઓઢીને સુવું પડે એવો ઠાર પડે. આયુર્વેદાચાર્યો કહી ગયા છે કે વર્ષામાં પિત્તનો સંગ્રહ થાય અને શરદમાં તે પિત્ત પ્રકોપે. આ પ્રકોપવું એટલે તાવ.

ભાદરવાના તાપ અને તાવથી બચવા ત્રણ-ચાર ઘરગથ્થુ પ્રયોગો

(૧) ભાદરવાના ત્રીસે દિવસ રોજ રાત્રે સુતા પહેલાં સુદર્શન/મહાસુદર્શન ઘનવટી - ૨-૩ ટીક્ડી ચાવીને નવસેકા ગરમ પાણી સાથે લેવી.

(૨) અનુકૂળતા હોય તો ભાદરવાના ત્રીસે દિવસ દુધ -ચોખા-સાકરની ખીર અથવા દુધ-પૌવા ખાવું. ગળ્યું દુધ એ વકરેલા પિત્તનું જાની દુશ્મન છે. આ હેતુથી જ શ્રાદ્ધપક્ષમાં ખીર બનાવવાનુ આયોજન થયું હતું.

(૩) જેની છાલ પર કથ્થાઇ/કાળા ડાઘ હોય એવા પાકેલ કેળાંને છુંદીને એમાં સાકર ઉમેરી બપોરે જમવા સાથે ખાવાં. જો ઇચ્છા હોય તો ઘી પણ ઉમેરવું. પણ કેળાં સાથે ઘી પાચનમાં ભારે થાય. એટલે જો ઘી ઉમેરો, તો પછી બે એલચી વાટીને ઉમેરી દેવી. (જો ખીર અને કેળાં - બન્નેનો પ્રયોગ કરવો હોય તો કેળાં બપોરે અને ખીર સાંજે એમ ગોઠવવું.)

(૪) ભલેચુકે ખાટી છાશ ન જ પીવી. ખુબ વલોવેલી, સાવ મોળી છાશ લેવી હોય તો ક્યારેક લેવાય.

(૫) ઠંડા પહોરે (વહેલી સવારે કે સાંજે) પરસેવો વળે એટલું ચાલવું.(ઠંડી અને ચાંદની રાતમાં રાસગરબાના આયોજન પાછળનું રહસ્ય આ જ હતું - પરસેવો પડે)આચાર્યોએ શરદને રોગોની માતા કહી છે - **रोगाणाम् शारदी माता.** અને ' **यमनी दाढ** ' પણ કહી. આપણામાં એક આશીર્વાદ પ્રચલીત હતો.**शतम् जीव शरदः** એટલે કે આવી સો શરદ સુખરુપ જીવી જાઓ એવી શુભેચ્છા આપવામાં આવતી. અસ્તુ.

આ લેખ બધાને કામ લાગે તેવો છે. માટે સૌને ખાસ છે હો. **सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः** આ માહિતી આપણા દરેક પાટીદાર પરિવાર સુધી પહોંચાડી સમાજને બીમારીથી બચાવવામાં તમે તમારી ફરજ નિભાવો.. એ જ પ્રાર્થના...

- ડૉ. મહેશભાઈ પોકાર, હિંમતનગર.
આર્યુવેદા MD

વિટામીન-B12 વધારવા માટેનો દેશી ઘરેલું ઉપચાર

ફક્ત આયુર્વેદ

- 100 ગ્રામ દેશી ગોળ
- 20 ગ્રામ ધાણા પાઉડર
- 1 ચમચી દેશી ગાયનું શુદ્ધ ઘી
- આ ત્રણેયને બરાબર મિક્સ કરીને શેકી લેવું, ત્યારબાદ બોરના ઠળિયા જેવડી ગોળીઓ બનાવી લો.
- દરરોજ સવાર સાંજ જમતા પહેલા એક ગોળી નિયમિત ચુસવી, આમ કરવાથી શરીર પોતે વિટામીન-B12 બનાવતું થઇ જશે.

નોંધ : ગોળી ચુસાઈ જાય એટલે તરત જ જમવા બેસી જવું.

વિટામીન B-12 ની ઉણપને કારણે ડિમેન્શિયા, એનિમિયા અને હાડકાના રોગો થવા લાગે છે.

શરીરને સ્વસ્થ રાખવા માટે વિટામિન B-12 ખૂબ જ જરૂરી છે. જ્યારે શરીરમાં વિટામીન B-12 ની ઉણપ હોય ત્યારે નર્વસ સિસ્ટમને અસર થાય છે. વિટામિન B-12 લાલ રક્તકણોની રચના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. વિટામિન B-12 શરીરમાં ફોલિક એસિડના પરિવહનમાં પણ મદદ કરે છે. જો શરીરમાં વિટામિન B-12 ની ઉણપ હોય તો તેના કારણે અનેક સમસ્યાઓ થઈ શકે છે.

માનસિક સમસ્યાઓ, હાડકા અને સાંધાની સમસ્યાઓ અને એનિમિયાનું જોખમ વધે છે.*મોઢામાં ચાંદા પડવા, દ્રષ્ટિ નબળી થવી કે ધૂંધળું દેખાવું, વિટામિન B12ની ઉણપના કારણે થઈ શકે છે.* તમને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને ચક્કર પણ આવે છે, ખાસ કરીને તમે કામ કરો છો ત્યારે આવું વધારે થાય છે.

આવું થવાનું કારણ છે તમારા શરીરમાં રક્ત કણોની ઉણપના કારણે ઓક્સિજન પૂરતા પ્રમાણમાં ભ્રમણ નથી કરી શકતો

દ્વિતીય યુવા મહોત્સવ 2022 નિઝામાબાદ ઝોન
ના લોગો નું વિમોચન કરતાં નિઝામાબાદ ઝોન સમાજ ના હોદ્દેદારશ્રીઓ અને દાતાઓ

તલગણા આધ્ર પ્રદશ (TAP) રાજીયન ના નિઝામાબાદ ઝોનમાં આગામી શનિવાર તા. 27-08 અને રવિવાર તા. 28-08-2022 ના રોજ આયોજીત દ્વિતિય યુવા મહોત્સવ ના ટી-શર્ટ લોંચીંગ કરતા નિઝામાબાદ ઝોન સમાજના હોદ્દેદારશ્રીઓ

૭૫% રેટિંગ સાથે PM મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા

વિશ્વનેતા | વડા પ્રધાન મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બાઈડેન સહિત તમામ મોટા વિશ્વ નેતાઓને પાછળ રાખ્યા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દુનિયામાં હજુ પણ યથાવત્ છે. પીએમ મોદી ફરી એકવાર ૭૫ ટકા એપ્રૂવલ રેટિંગ સાથે દુનિયાના અગ્રણી નેતાઓને પાછળ રાખીને આગળ નીકળી ગયા છે. તેઓ વર્લ્ડ રેટિંગમાં ટોચના સ્થાને છે. મોર્નિંગ કન્સલ્ટન્ટ સર્વેક્ષણમાં આ વાત સામે આવી છે. સર્વેના અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી બાદ મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુલ લોપેઝ ઓબ્રેડોર (૬૩ ટકા)નો નંબર આવે છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની એલ્બાનીસ (૫૮ ટકા), ત્રીજા, ઈટાલીના વડાપ્રધાન મારિયો ડ્રેગી ૫૪ ટકા એપ્રૂવલ રેટિંગ સાથે ચોથા સ્થાને છે. વિશ્વના ૨૨ નેતાઓની યાદીમાં સ્વીડનના વડાપ્રધાન મેગદાલેના એન્ડરસનને ૫૦ ટકા જ્યારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેનને ૪૧ ટકા એપ્રૂવલ રેટિંગ મળ્યું છે. બાઈડેન બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોનો ક્રમ આવે છે જેમને ૩૯ ટકા અને જાપાની વડાપ્રધાન ફુમિદો કિશિદા ૩૮ ટકા રેટિંગ પ્રાપ્ત થયું છે. મોર્નિંગ કન્સલ્ટન્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ વર્તમાનમાં ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બ્રાઝિલ, જર્મની, ભારત, મેક્સિકો, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, સ્પેન, સ્વીડન અને સંયુક્ત રાજ્ય અમેરિકામાં નેતાઓ અને અનુમોદન રેટિંગ પર નજર રાખી રહ્યું છે. આ પહેલાં નવેમ્બર ૨૦૨૧ અને જાન્યુઆરી ૨૦૨૨માં દુનિયાના સૌથી લોકપ્રિય નેતાઓની યાદીમાં પણ વડા પ્રધાન મોદી ટોચના સ્થાને હતા.

વર્લ્ડ લીડર એપ્રૂવલ રેટિંગ
મોદી
ભારત
75%

નામ	દેશ	રેટિંગ
» લોપેઝ	મેક્સિકો	63%
» એલ્બાની	ઓસી.	58%
» ડ્રેગી	ઇટાલી	54%
» એન્ડરસન	સ્વીડન	50%
» બોલસેનારો	બ્રાઝિલ	42%
» બાઇડેન	અમેરિકા	41%
» ટ્રૂડો	કેનેડા	39%
» કિશિદા	જાપાન	38%
» મેકોં	ફ્રાન્સ	34%
» શોલ્ઝ	જર્મની	30%

USAમાં સેમ્પલ સાઇઝ લગભગ ૪૫ હજાર

વૈશ્વિક નેતાઓ અને દેશનો કન્જેક્ટ્રી ડેટા કોઈપણ દેશમાં તમામ પુખ્ત લોકોના સાત-દિવસની ચાલતી સરેરાશ પર આધારિત છે. ડેટામાં પ્લસ માઇનસ ૧-૪નું અંતર આવી શકે છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં સરેરાશ સેમ્પલનો આકાર લગભગ ૪૫ હજાર છે. અન્ય દેશોમાં સેમ્પલ સાઇઝ લગભગ ૧૦૦-૫,૦૦૦ વચ્ચે પણ હોય છે. પુખ્ત લોકો માટે રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિ સેમ્પલ્સ વચ્ચે તમામ ઇન્ટરવ્યૂ ઓનલાઇન કરાય છે.

ભારતમાં સેમ્પલ સર્વે વસતીનું પ્રતિનિધિત્વ કરે છે

ભારતમાં સેમ્પલ સર્વે સાક્ષર વસતીનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક દેશમાં વય, લિંગ, ક્ષેત્ર અને કેટલાક દેશોમાં સત્તાવાર સરકારી સ્રોત અને શિક્ષણના આધારે સર્વેક્ષણોને મહત્ત્વ આપવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં સર્વેક્ષણોને વંશ અને જાતીયતાના આધારે પણ મહત્ત્વ આપવામાં આવે છે. જવાબ આપનારા લોકો આ સર્વેક્ષણોને પોતાના દેશો માટે યોગ્ય ભાષાઓમાં પૂર્ણ કરે છે.

અવસાન નોંધ

તા. 26-08-2022	તા. 26-08-2022
સ્વ.મયુરભાઈ ધનસુખભાઈ માકાણી	સ્વ.દિલીપભાઈ મણિલાલ છાભૈયા
ઉમર વર્ષ : 33	ઉમર વર્ષ : 40
કચ્છમાં ગામ ઘડુલી (LK)	કચ્છમાં ગામ કોટડા (જડોદર)
હાલે સોલા, અમદાવાદ.	હાલે ભિવંડી, મહારાષ્ટ્ર.

ઉમિયાનગરમાં મહિલાઓએ ગરબે ઘૂમી માની આરાધના કરી

માંડવી ખાતેના ઉમા હરિ મહિલા મંડળ દ્વારા આનંદ ગરબો યોજાયો

માંડવી ઉમા હરિ મહિલા મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસના દિવસે ઉમિયાનગર ખાતે આનંદ ગરબાનું આયોજન કરાયું હતું.

જેમાં સાંજે પ્રથમ માતાજીની સ્તુતિ, આરતી બાદ માતાજીને થાળ ધરવામાં આવ્યું સાથે ઉમા હરિનગરની મોટી ઉમર ૬૦+ વર્ષ ઉપરની મહિલાઓ બહોળી સંખ્યામાં માથે આનંદ ગરબો લઈ રાસ સાથે પવિત્ર શ્રાવણ માસ ઉત્સવ મનાવ્યો હતો.

માંડવી ઉમા હરિનગરનું મોટી ઉમરનું મહિલા મંડળ જેમાં ૧૦૦થી ૧૨૫ મહિલાઓ છેલ્લા ૧૬ વર્ષથી આનંદ ગરબો કરતી હોય છે અને માંડવી શહેર તાલુકો અને સમગ્ર કચ્છમાં જ્યાં આમંત્રણ મળે ત્યાં પોતાના સ્વખર્ચે જઈ અને જે પણ ચડાવાની આવક થાય તે તેમનું ચડાવાની આવક થાય તે તેમનું ઉમિયા હરિનગર મધ્યે શિવ મંદિર બંધાવવાનું સંકલ્પ છે અને તાજેતરમાં હરિનગર ખાતે શિવ મંદિરનું ભૂમિપૂજન પણ મહિલાઓ દ્વારા કરાવી અને બાંધકામ શરૂ થઈ ગયેલ છે તેમજ આરતીના રૂપિયાથી ગાય માતાને લીલા ચારાનું નીરણ પણ કરાવતા હોય છે. તેઓને જન્મદિવસ કે ધાર્મિક કોઈપણ પ્રસંગ હોય તે મહિલાઓ આનંદ ગરબો કરવા પધારે છે. આ આનંદ ગરબાની મુખ્ય મહિલાઓ દમયંતીબેન ગોસ્વામી, મણિબેન પટેલ, મીનાબેન દામાણી, અનસૂયાબેન સોઢા, નર્મદાબેન પટેલ, રામબા સોઢા, જશ્રીબેન ગોસ્વામી, ઝવેરબેન પટેલ, ભગવતીબેન પંડ્યા વગેરે મહિલા મંડળ આનંદ ગરબો કરી ઉત્સવ મનાવી રહ્યા છે.

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205